## મુદ્દા નંબર–૧૫

### માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો/ જોગવાઈઓ.

લોકોને માહિતી મળે તે માટે આ કચેરી દ્વારા અપનાવાયેલ સાધનો, પધ્ધતિઓ તથા સવલતોની વિગતો નીચે મુજબ છે.

❖ કચેરી ગ્રંથાલય :

❖ નાટક અને શો :

❖ વર્તમાન પત્રો : લોક ફરીયાદ કાર્યક્રમ અંગે વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપી લોકોને અરજદારોને તેમની અરજીઓ અંગે સંબંધિત ખાતા તરફથી પ્રત્યુત્તર મળેલ ના હોય તેવા કિસ્સામાં અરજીઓ મોકલી આપવા જણાવવામાં આવે છે. આવી અરજીઓની સુનાવણી માટે અરજી મોકલી આપનાર નાગરિક અરજી મોકલ્યા બાદ ચોથા ગુરૂવારે કલેકટર કચેરી ખાતે હાજર રહી પોતાનો જવાબ મેળવી શકે છે.

❖ પ્રદર્શનો :

❖ નોટીસ બોર્ડ : કચેરીમાં નોટીસબોર્ડ રાખેલ છે. જેની ઉપર અગત્યની અને જનતાને જાણવાજોગ નોટીસો પ્રસિધ્ધ કરાવવામાં આવે છે.

❖ કચેરીમાં રેકર્ડનું નિરિક્ષણ : રેકર્ડશાખામાં અરજી આપી જરૂરી ફી ભરી કચેરી સમય દરમ્યાન રેકર્ડનું નિરિક્ષણ થઈ શકે છે.

❖ દસ્તાવેજોની નકલો મેળવવાની પધ્ધતિ : નકલ માટે રેકર્ડ શાખામાં અરજી કરવી જરૂરી છે. નકલ માટેની અરજી મળ્યેથી નકલ કારકુન જે તે શાખા પાસેથી નકલની માંગણી વાળા અસલ પ્રકરણ/ ફાઈલ મેળવી ખપપૂરતી જરૂરી નકલ કરી જરૂરી ફી વસુલ કરી નકલ આપે છે.

❖ ઉપલભ્ય મુદ્રિત નિયમસંગ્રહ : સરકારી પુસ્તકાલય, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ ખાતેથી મળી શકે છે.

►►માહિતી મેળવવાના કાયદા તળે માહિતી મળવા બાબતે " નમુના–ક"માં અરજી કરી, ગરીબી રેખા હેઠળના વ્યકિત સિવાય અરજી ફી રૂા.૨૦–૦૦ લઈ તથા નકલ ફી પાના દીઠ રૂા.૨–૦૦ (આ કાયદા તળે ગરીબી રેખા નિચેના વ્યકિતએ યોગ્ય સક્ષમ અધિકારીશ્રીના આધાર સહ અરજી કરેલ હોય તો મફત માહિતી આપવામાં આવે છે. (અરજી ફોર્મ દરેક કચેરીમાંથી ફ્રી આપવામાં આવે છે.)

❖ માહિતીના કાયદા તળે અપીલ અરજી નમુના–જ માં કરવાની રહે છે. તેની કોઈ પણ જાતની ફી લેવામાં આવતી નથી. (અરજી ફોર્મ દરેક કચેરીમાંથી ફ્રી આપવામાં આવે છે.)

❖ સદરહુ કાયદા હેઠળ થયેલ ભારત સરકારશ્રીની કચેરી યાદી મુજબની જોગવાઈઓ.

(૧) ૧૨ – મી જુન – ૨૦૦૮ નોર્થ બ્લોક નવી દિલ્હીની કચેરી યાદી ક્રમાંક ૧૦/૨/૨૦૦૮–આઈઆર. થી થયેલ જોગવાઈ મુજબ એક થી વધુ સત્તા મંડળને લગતી માહિતી માટે જે તે સત્તા મંડળને અલગ–અલગ અરજી કરવાની રહે છે.

(૨) ૧૦ – મી જુલાઈ – ૨૦૦૮ નોર્થ બ્લોક નવી દિલ્હીની કચેરી યાદી ક્રમાંક ૧૧/૨/૨૦૦૮–આઈ.આર. થી થયેલ જોગવાઈ મુજબ " જે સ્વરૂપમાં માહિતી છે. તે સ્વરૂપમાં આપવાની રહે છે. માહિતી નિષ્કર્ષ તારવીને " આપવાની રહેતી નથી.

► ગુજરાત(જાહેર સેવાઓ અંગેનો નાગરીકોનો અધિકાર) અધિનિયમ ૨૦૧૩ તા.૧/૪/૧૪ થી અમલમા આવેલ છે. સમકારશ્રીના દરેક વિભાગે તેઓના વિભાગ પુરતી આ અધિનિયમ તળે સેવાઓ જાહેર કરેલ છે. આ સેવાઓ હેઠળની સેવાઓ માટે રૂ.૨૦/–નો અરજી પ્રોસેસીંગ ચાર્જ નકકી થયેલ છે.

દરેક જાહેર સત્તા મંડળે નાગરિકોને જાહેર કરેલ સેવાઓ સમય મર્યાદામા પુરી પાડવાની રહે છે. આ બાબતે દરેક જાહેર સત્તા મંડળની જવાબદારી નકકી કરવામા આવેલ છે. અને તેનુ પાલન ન કરવામા આવે તો તે માટે ફરિયાદ નિવારણ તંત્રની વ્યવસ્થા રાજય સરકારશ્રી દ્વારા નકકી થયેલ છે.